# મહેસાણામાં ૧૨ કલાકમાં વધુ ૧૧ કેસ

આજે મહેસાણા જિલ્લા માં ૩ લોકડાઉન દરમિયાન વધુ ૧૧ કેશ આજે સામે આવ્યા છે ૧૨ કલાકમાં ૧૧ કોરોના પોજેટિવ કેશ સામે આવતા તંત્ર હરકતમાં આવ્યું છે. જ્યારે વડનગર સિવિલમાં દર્દીઓને યોગ્ય સારવાર ન મળતા દર્દીઓએ સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ પણ કર્યો હતો. જેથી તંત્ર દોડતું થયું છે.

મહેસાણાના પી.એમ. નરેન્દ્ર મોદીના માદરે વતન વડનગરમાં કોરોના સંક્રમિત દર્દીઓની હાલત હાલ મ ભારે કફોડી બનવા ગઈ છે. વડનગરની સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓની પરેશાનીથી ત્રસ્ત થઈ ને સાશિયલ મીડિયામાં દર્દીઓએ વિડીયો ગતરોજ વાયરલ કર્યો હતો. મહેસાણાના કોરોના વાયરસ સંક્રમિત ૧૦ થી વધુ લોકોને આ હોસ્પિટલમાં હાલમાં સારવાર ચાલી રહી છે.

મહેસાણાના વડનગર સિવિલ ખાતે આઈસોલેશન વોર્ડમાં દાખલ દર્દીઓ સવલતો ન મળતા તેમને વિડીયો વાયરલ કર્યો હતો. મહેસાણા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સરકારની ગાઈડ લાઈન સહિતની અહીં કઈ પાલન ન થતું હોવાનું વિડીયોમાં ઉલ્લેખ કરાયો હતો. કોરોનાના દર્દીઓને લીંબુ પાણી, ગરમ પાણી, આર્યુવેદીક ઉકાળો પીવાના પાણી સહિત બાળકોને દૂધ જેવી કોઈ વસ્તું ન આપવામાં આવતા દર્દીઓએ સવલત માટે વિડીયો બનાવ્યો છે. સરકારની ગાઈડ લાઈન પ્રમાણે કોરોનાના દર્દીને સારવાર આપવાની હોય તે રીતે સારવાર ન મળતા દર્દીઓની હાલત કફોડી બની છે. મહેસાણા જિલ્લાના આરોગ્ય અધિકાર ટી. કે. સોની સહિત આરોગ્ય વિભાગની ઘોર બેદરકારી આવી સામે આવી છે તેમના ફોન હાલમાં બંધ થઈ ગયા છે. વીડીયો વાયરલ થવાથી તંત્ર થયું દોડતું થયું હતુ. જેમાં આજે જિલ્લાની વાત કરવામાં આવે તો ગત ૧૨ કલાકમાં વધુ ૧૧ કેસ કોરોનાના પોજેટિવ સામે આવ્યા છે જેમાં ગતરોજ મહેસાણાના છઠીયાડા ગામના પોલીસ કર્મચારીના પરિવાર સહિત પોડોશીને લાગ્યા કોરોનાનો ચેપ લાગ્યો હતો. છઠીયાડા ગામના પોલીસ કર્મચારીને પ્રથમ પોજેટિવ આવતા ૧૦ સેમ્પલ ગામમાંથી લેવામાં આવ્યા હતા. પોલીસ કર્મચારી રેલવેનો પોલીસ કર્મી હતો અને તેઓ મહેસાણા ખાતે ફરજ બજાવતા હતા જેમાં તેમના માતા, પિતા, પત્ની સહિત પડોશીને પણ કોરોના પોજેટિવ આવ્યો છે અને આજે બીજા સેમ્પલના રિપોર્ટ આવવા તંત્રની બેડકારી સામે આવી હતી.

મહેસાણા જિલ્લાના કુલ ૪૨ કેસ કોરોના પોજેટિવ નોંધાયા છે અત્યાર સુધીમાં મહેસાણા જિલ્લામાં આજે બીજા દિવસે કોરોનાનો કહેર યથાવત રહ્યો હતો ગત મોડી રાત્રીએ કેસ ૬ બહાર આવ્યા અને આજે ૫ સામે આવતા તંત્ર હરકતમાં આવ્યું છે જેમાં ટિકટોક સ્ટાર અલપિતા ચૌધરીના માતા પણ કોરોનાની જપેટમાં આવ્યા છે. જ્યારે વડનગરના ૫૮ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે તેઓ વૃદ્ધા આશ્રમમાં હતા. મહેસાણા જિલ્લામાં હવે બહુચરાજી તાલુકા સહિતના તમામ તાલુકા હવે કોરોનાની જપેટમાં આવ્યા છે. કુલ અત્યાર સુધીમાં જિલ્લામાં ૪૩ કેસ સામે આવ્યા છે. જેમાં થી ૭ દર્દીઓએ કોરોનાને માત આપી છે.

# બનાસકાંઠામાં કોરોનાના વધુ ૭ કેસ : કુલ ૪૯ કેસ

રેડ જોનમાં મુકાયેલા બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે. જ્યાં મંગળવારે વધુ સાત વ્યક્તિઓના રિપોર્ટ પોઝિટિવ આવતાં પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, જિલ્લામાં ડીસા ખાતે ૨૩ વર્ષની માતા અને ૧૦ વર્ષનો પુત્ર, વડગામના ઈસ્લામપુરામાં ૫૦ વર્ષના આધેડ, પાલનપુર તાલુકાના ગઢ ગામે ૩૧ વર્ષના યુવક અને ૬૨ વર્ષના વૃદ્ધા જ્યારે વાસણી ગામે ૪૯ વર્ષ અને ૬૦ વર્ષના વૃદ્ધાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જ્યાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ત્વરિત સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોને શોધી હોમ કોરેન્ટાઈન કરવામાં આવી રહ્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં વધુ સાત કોરોના પોઝિટિવ કેસ આવતાં કુલ સંખ્યા ૫૦ થવા પામી છે.જ્યારે કોરોનાથી અત્યાર સુધીમાં એક મોત નોંધાયું છે.

### પ્રાંતિજ પોલીસે દારૂના ગુનામાં ઝડપેલા

# બે આરોપીઓ પૈકી એક આરોપીને કોરોના પોઝિટીવ

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કતપુર પાસે ટોલનાકા પાસેથી પ્રાંતિજ પોલીસ દ્વારા ઈકો કારમા લઈ જવાતો ઈગ્લીશ દારૂના જથ્થા સાથે બે આરોપીઓને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડ્યા હતા. જેમાં બે આરોપીઓ પૈકી એક આરોપીનો રીપોર્ટ કોરોના પોઝિટીવ આવતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

પ્રાંતિજ પોલીસ દ્વારા આજથી ચાર દિવસ અગાઉ રાજસ્થાન તરફ અમદાવાદ તરફ ઈગ્લીશ દારૂ ભરી ને જતી ઈકોને પ્રાંતિજ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવી હતી અને દારૂનો મુદ્દામાલ સહિત ઈકો કારસાથે ઝડપાયેલા બન્ને આરોપીઓની અટકાયત કરી હતી અને બન્ને આરોપીઓને કોર્ટમાં હાજર કરી એક દિવસના રીમાન્ડની માગ કરી હતી. રીમાન્ડ બાદ બન્નેનો મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યો હતો જેમાં બે માંથી એક આરોપીને કોરોનાનો પોઝિટિવ રીપોર્ટ આવતા પ્રાંતિજ પોલીસમા ખળભળાટ મચી જવા પામ્યો હતો. સંક્રમણમા આવેલ પ્રાંતિજ પોલીસના ૧૨ પોલીસ કર્મીઓને હાલ કવોરનટાઈન કરવામાં આવ્યા.




# મોડાસાની સીમાનાની સોસાયટીનો ૩૧ વર્ષીય યુવક કોરોનાની ઝપેટમાં

## અમદાવાદ સિવિલમાં માતાની કિડનીની સારવાર માટે સાથે રહ્યો હતો

મોડાસા, તા. ૫

કોરોના વાઈરસની મહામારી સમગ્ર વિશ્વમાં ફેલાઈ છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં ૨૧ લોકો કોરોનાથી સંક્રમિત બન્યા છે જેમાં એક વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અત્યાર સુધી જિલ્લામાં જે પણ કેસ બહાર આવ્યા છે તે તમામની ટ્રાવેલીંગ હિસ્ટ્રી છે. જિલ્લામાં કોઈ લોકલ હિસ્ટ્રીમાં કેસ હોય તેવું બહાર આવ્યું નથી. મોડાસા શહેરમાં ૩૧ વર્ષીય હનીફ ઉસ્માનગની ગુજરાતી નામનો યુવક પણ માતાની સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગયા બાદ કોરોનામાં સપડાતા વધુ એક કોરોના પોઝેટીવ કેસમાં ટ્રાવેલ હિસ્ટ્રી બહાર આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોડાસા શહેરની સીમાનાની સોસાયટીમાં રહેતો હનીફ ઉસ્માનગની ગુજરાતી નામનો ૩૧ વર્ષીય યુવક તેની માતાને કિડનીની ગંભીર બીમારી હોવાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરતા પરિવાર સાથે માતાની દેખરેખમાં રહ્યો હતો. ૭ દિવસ અગાઉ તેની માતાનું મોત નિપજતા પરિવાર સાથે મોડાસા પહોંચ્યો હતો જેમાં યુવકની તબિયત લથડતા કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડાયો હતો. યુવકને શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા યુવકનો કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ આવતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. અરવલ્લી જીલ્લા આરોગ્યતંત્રએ યુવકના પરિવાર અને તેના સંપર્કમાં આવેલા લોકોનું થર્મલ સ્ક્રીનિંગ કરી હોમકોરન્ટાઈન કરી સર્વેની કામગીરી માટે તજવીજ હાથ ધરી હતી.



મોડાસા શહેરમાં મોડાસામાં વધુ ૧ કેસ કોરોના પોઝીટીવ આવતા અત્યાર સુધી મોડાસા શહેરમાં કોરોનાનો ત્રીજો કેસ બહાર આવ્યો છે. અગાઉ મોડાસા શહેરમાં શેલ્ટર હોમનો શ્રમિક સાઈ મંદિર નજીકના યુવકનો કેસ પોઝીટીવ આવ્યા બાદ સીમનાની સોસાયટીમાં રહેતા હનીફ ઉસ્માન ગનીભાઈ ગુજરાતી નામનો ૩૧ વર્ષીય યુવકનો કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવતા તંત્રમાં દોડધામ મચી છે.

કોરોનાએ મોડાસા શહેરને સકંજામાં લીધો હોય તેમ એક પછી એક પોઝીટીવ કેસમાં વધારો થઈ રહ્યો છે. અરવલ્લીના મોડાસા, મેઘરજ, ભિલોડા, બાયડ તેમજ ધનસુરા પાંચ તાલુકામાં કોરોનાએ હડકંપ મચાવ્યો છે. જિલ્લામાં એક સાથે ૧૫ કેસ જુદા જુદા વિસ્તારોમાં નોંધાયા હતા. આ તમામની ટ્રાવેલીંગ હિસ્ટ્રી હોવાનું તંત્ર દ્વારા જણાવાઈ રહ્યું છે. ત્યારે દિવસેને દિવસે કેસમાં વધારો થતો હોય તેમ લાગી રહ્યું છે.

# અરવલ્લીના મોડાસા શહેરી વિસ્તારના પાંચ કિ.મી. વિસ્તારને બફરઝોન જાહેર કરાયો

## કન્ટેઇનમેન્ટ ઝોનના સોસાયટી વિસ્તારમાં લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ

મોડાસા, તા. ૫

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ કોવિડ-૧૯ના કુલ-૧૪૦૦૦ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ કોવિડ-૧૯ ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ કોવિડ-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારુ આમુખ (૨) ની વિગતે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. આજરોજ તા. ૫-૫-૨૦૨૦ના રોજ અત્રેના જિલ્લામાં સીમનાની સોસાયટી, મોડાસા નગરપાલિકા વિસ્તારમાં એક કોરોનાનો પોઝીટીવ કેસ નોધયો છે. આ વાયરસ ઝડપી સકમણને ધ્યાને લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાં રૂપે લોકોની અવર-જવર ઉપર પ્રતિબંધ કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે કોવિડ-૧૯નો કોન્ટેનમેન્ટ એરીયા (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં કોવિડ-૧૯ નો કેસ મળી આવેલ સીમનાની સોસાયટી અને તેની આસપાસ આવેલ દરિયાઈ સોસાયટી, એકતા સોસાયટી, નુરેમહંમદ સોસાયટી, બાલાપીર દરગાહ વિસ્તાર, રહેમાની સોસાયટી, કસ્બાનવાજી ફળી, ફાતેમાપાર્ક સોસાયટી, ગોરીયાના ચોક વિસ્તાર ફૈઝન પાર્ક સોસયટી, કસ્બા હવેલી, કસ્બા રાઠોડ ફળી, જમાલવાવ વિસ્તાર, નકશબંધ સોસાયટી કે જે મોડાસા નગરપાલિકામાં આવેલ વિસ્તારને કોવિડ-૧૯ કોન્ટેનમેન્ટ એરીયા તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.



આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે. આ જાહેરનામુ ૧૯ મે ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭,ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# પ્રાંતિજ તાલુકામાં કોરોનાનો કહેર

## પોગલુ, પલ્લાચર, વદરાડમા કોરોનાના એક-એક કેસ પોઝિટીવ

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં કોરોનાનો કહેર જોવા મલ્યો પોગલુ-પલ્લાચર-વદરાડમાંથી કોરોનાના એક-એક પોઝિટિવ કેસો મળી આવ્યા.

હાલ કોરોનાની મહામારી વચ્ચે સાબરકાંઠા જિલ્લામાં પણ કેસોનો વધારો થયો છે જેમાં હિંમતનગરના અગિયોલ સહિત પ્રાંતિજ તાલુકા ના પોગલુ, પલ્લાચર, વદરાડ ગામમા પણ એક-એક કોરોના પોઝિટિવ મળી આવતાં સ્થાનિકતંત્ર સહિત જિલ્લાતંત્ર દોડતુ થયું છે. પોગલુ ખાતે આરોગ્ય વિભાગમાં આયા તરીકે ફરજ બજાવતા મહિલા કાન્તાબેન બાબુભાઈ વણકર ઉ.વર્ષ- ૫૪ તથા પલ્લાચર ગામનો યુવાન રાઠોડ અજયસિંહ સંજયસિંહ ઉવર્ષ-૨૪ કે જે આરોગ્ય ખાતામાં નોકરી કરે છે. વદરાડ ખાતે પણ પ્રજાપતિ (મારવાડી) સોહનલાલ તુલસીરામ ઉ.વર્ષ ૧૮ કે જે શાકભાજીનો ધંધો કરે છે. અચાનક કેસોમાં વધારો થતા લોકોમા પણ કોરોનાને લઈને ડર જોવા મલી રહ્યો છે. કયાંકને કયાંક કેસો વધતા નિષ્ફળતા સામે આવી છે તો બીજી બાજુ જિલ્લા ફેર જવા આવવાનું બધ છતાં લોકો પોલીસથી બચવા ગામ્ય વિસ્તારો સહિતના કાચા નાળીયા તરફ રસ્તાઓથી અવરજવર કરે છે. પોલીસની સુંદર કામગીરી ઉપર પાણી ફરી વળ્યું છે ત્યારે હાલ તો પોગલુ, પલ્લાચર, વદરાડ ખાતે તંત્ર દ્વારા પરિવારના સભ્યો સહિત ગામને કવોરન્ટાઈઝ કરવામાં આવ્યું છે અને ગામમાં આવવા જવા ઉપર રોક મુકી દેવામાં આવ્યો છે.




## મહેસાણા જિલ્લાના અગ્રણી ચંદનસિંહ રાજપૂતનું નિધન

મહેસાણા જિલ્લાના સરકારી વકીલ અને સમાજ સેવક ચંદનસિંહ રાજપૂતનું અવસાન થતાં મુખ્યમંત્રી, ના.મુખ્યમંત્રી સહિત મહાનુભાવોએ શોક સંતુપ્ત પરિવારજનોને દિલસોજી પાઠવી હતી. આ ઉપરાંત શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા, મહેસાણા જિલ્લા પ્રભારી મંત્રી વિભાવરીબેન દવે સહિત મહેસાણા જિલ્લા કલેક્ટર એચ.કે. પટેલ દ્વારા પરીજનોને દિલસોજી પાઠવવામાં આવી હતી.

ચંદનસિંહ રાજપૂતે મુખ્ય સરકારી વકીલ તરીકે ફરજ બજાવી હતી. તેઓ જનસંઘ સમયથી સંક્રિય કાર્યકર અને ઉમદા વ્યક્તિ હતા. ચંદનસિંહ રાજપૂતના અવસાનથી સમાજ જીવનને કદી ન પુરી શકાય તેવી ખોટ પડી છે. ચંદનસિંહના અવસાન થકી સમાજ જીવનમાં ઘેરા આઘાતની લાગણી વર્તાઈ રહી છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રભારી મંત્રી વિભાવરીબેન દવે જિલ્લા વહીવટીતંત્ર તરફથી કલેક્ટર એચ.કે. પટેલે પરીજનોને સાંત્વના આપી દિલસોજી પાઠવી હતી.

# ભિલોડા પોલીસે હત્યારાઓને દબોચ્યા

## કુડોલ (સુંદરપુર)ગામે બે ભાઈઓની નિર્દયી હત્યા કરનાર બંને હત્યારાને જંગલમાંથી ઝડપ્યા

ભિલોડા, તા. ૫

અરવલ્લી જીલ્લામાં લોકડાઉનમાં રક્તરંજિત ઘટના બનતા ચકચાર મચી હતી, ભિલોડા તાલુકાના કુડોલ (સુંદરપુર) ગામમાં રહેતા રાજેન્દ્રભાઈ અને વિનોદભાઈ યુસુફભાઈ અસારી નામના બે સગા ભાઈઓની ગામના જ આશીર્વાદ દાનિયલ પારઘી અને તેના ઘરે રહેતા રાજસ્થાની યુવક ચંદ્રેશ ભુરજી કોપસાએ સામાન્ય બાબતમાં ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બંને ભાઈઓની લોંખડની પાઈપ અને છરીના ઘા ઝીંકી હત્યા કરી નગ્ન અવસ્થામાં બંનેના મૃતદેહ ગામમાં નાખી હત્યારાઓ ફરાર થઈ જતા ભિલોડા પોલીસે બંને શખ્સો સામે હત્યાનો ગુન્હો નોંધી ગણતરીના દિવસોમાં ગામ નજીક આવેલા જંગલ વિસ્તારમાંથી ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ હત્યાના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.



ભિલોડાના કુડોલ (સુંદરપુર) ગામના રાજેન્દ્રભાઈ યુસુફભાઈ અસારીની દીકરી પર ગામના આશીર્વાદ દાનિયલ પારઘીના ઘરે રહેતો રાજસ્થાની યુવક ચંદ્રેશ ભુરજી કોપસા ખરાબ નજર રાખતો હોવાથી ગત રવિવારે રાત્રે રાજેન્દ્રભાઈ તેમના નાના ભાઈ વિનોદભાઈ યુસુફભાઈ અસારી સાથે આશીર્વાદ દાનિયલના ઘરે ઠપકો આપવા જતા ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આશીર્વાદ દાનિયલ અને ચંદ્રેશ કોપસાએ લોખંડની પાઈપ અને છરી સાથે ખેતરમાં બંને ભાઈઓ પાછળ દોડી લોખંડની પાઈપ અને છરીના ઘા ઝીંકી હત્યા કરી દીધી હતી અને હત્યા છુપાવવા બંને હત્યારાઓએ મૃતક બંનેના કપડાં કાઢી નાખી અલગ-અલગ જગ્યાએ ગામની સીમમાં નાખી ફરાર થઈ ગયા હતા.

ભિલોડા પોલીસે મૃતકની પુત્રી નિરાલીબેન રાજેન્દ્રભાઈ અસારીની ફરિયાદના આધારે આશીર્વાદ દાનિયલ પારઘી (રહે. કુડોલ-સુંદરપુર) અને ચંદ્રેશ ભુરજી કોપસા (રહે, જુશાવાડા, વિજયનગર, મૂળ રહે, ડબાચા, રાજસ્થાન) વિરુદ્ધ હત્યાનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ભિલોડા પીએસઆઈ કે.કે. રાજપૂતને બંને હત્યારાઓ કુડોલ (સુંદરપુર) ગામ નજીક આવેલા ડુંગર પર છુપાયા હોવાની બાતમી મળતા સમગ્ર જંગલ વિસ્તારને કોર્ડન કરી બંને હત્યારાઓને દબોચી લઈ હત્યામાં વપરાયેલ સાધનોની રિકવરી કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.